Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 4 Issue 2 December 2018 ISSN 2349-5634(Print) ISSN 2455-0973(Online)
© Indian Association of Contemporary Research and Publication

# મધુપ્રમેહ ધરાવતાં દર્દીઓની મનોવૈજ્ઞાનિક સુખાકારી અંગેનો અભ્યાસ

**જાડેજા ગાયત્રીબા પી.**

**પીએચ.ડી વિધાર્થી**

**મનોવિજ્ઞાન વિભાગ, શામળદાસ આર્ટસ કોલેજ, ભાવનગર.**

## -: સારાંશ :-

પ્રસ્તુત સંશોધનનો હેતુ ભુજ શહેરના મધુપ્રમેહ ધરાવતા સ્ત્રી અને પુરૂષોની મનોવૈજ્ઞાનિક સુખાકારી તપાસવાનો હતો. અહિં 2x2 ફેક્ટોરિયલ ડિઝાઇનનો ઉપયોગ કરવામા આવ્યો. આ સંશોધન માટે ડૉ.એસ.કે.વર્મા અને અમિતા વર્મા(1989) રચિત 'સુખાકારી સંશોધનિકા' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સંશોધનિકા મુળ હિન્દી આવૃતિમાં છે. પરંતુ તેનો ગુજરાતી ભાષાનુવાદ અને ભાવાનુવાદ ગૌરાંગ વ્યાસ દ્વારા કરવામાં આવેલ પ્રમાણિત ગુજરાતી અનુવાદનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભુજ શહેરની હોસ્પીટલમાંથી ચિઠ્ઠી નાખી સ્તરકૃત યાદચ્છિક રીતે મધુપ્રમેહના કુલ 120 દર્દીઓનો નમુનો પસંદ કર્યો. જેમા 60 સ્ત્રીઓ તેમાં પણ 40 વર્ષની ઉપરની વય ધરાવતી 30 અને 40 વર્ષથી નીચેની વય ધરાવતી 30 સ્ત્રીઓને પસંદ કરવામાં આવી. અને 60 પુરૂષો તેમાં પણ 40 વર્ષથી ઉપરની વય ધરાવતા 30 અને 40 વર્ષથી નીચેની વય ધરાવતાં 30 પુરૂષો પસંદ કરવામાં આવ્યા. પ્રાપ્ત માહિતીનુ પૃથ્થકરણ ' F 'પરિક્ષણ દ્વારા કરવામાં આવ્યુ. આ પરિણામ દર્શાવે છે કે મધુપ્રમેહ ધરાવતી સ્ત્રીઓ અને પુરૂષો વચ્ચે તફાવત સાર્થક છે ($F = 7.29$). 40 વર્ષની નીચેની અને 40 વર્ષથી ઉપરની વય ધરાવતાં દર્દીઓના મનોવૈજ્ઞાનિક સુખાકારી વચ્ચે તફાવત સાર્થક છે ($F=14.49$).જાતિ અને વયની દ્રષ્ટિએ દર્દીઓના મનોવૈજ્ઞાનિક સુખાકારી વચ્ચે તફાવત અસાર્થક છે ($F=2.53$).